**વિષય.—સીમેન્ટ વપરાશ તેમજ કામની ગુણવત્તા અંગેના રજીસ્ટર રાખવા તેમજ તેની જાળવણી કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**સિંચાઇ વિભાગ,**
પરિપત્ર નં.
**સીએમટી/૨૩૮૪**
**/આઇબી-૬૦/**
**૨ત/છ, સચિવાલય,**
**ગાંધીનગર.**
તા. ૩૦-૩-૮૪.

રાજ્યમાં ચાલતા સિંચાઇ યોજનાઓના બાંધકામોમાં વપરાતાં માલસામાનના તેમજ થયેલાં કામના નમુનાની ગુણવત્તાની ચકાસણીના પરિણામ સાઇટ ઉપરના રજીસ્ટરમાં જે રીતે નોંધવા તે રીતે નોંધવામાં આવતા નથી અને નીચે મુજબની ક્ષતિઓ જણાવાઇ છે.

કેટલાક કામોમાં સીમેન્ટના વપરાશના આંકડાઓ ખરેખર વપરાશ મુજબના દર્શાવાતા સીમેન્ટ વપરાશના ધોરણો અનુલક્ષીને આંકડા દર્શાવવામાં આવે છે. જે બરાબર નથી. સાઇટ ઉપર રાખવામાં આવતા રજીસ્ટરમાં દરરોજના સીમેન્ટના આવકની વિગતો વપરાશની વિગતો તેમજ દિવસ અંતે સીમેન્ટની બંધ સિલક અવશ્ય દર્શાવવી સીમેન્ટના વપરાશ અંગેના ધોરણોની કોઇ વિગતો બતાવવી નહીં.

આ ક્ષતિ દુર કરવા પાકા પુઠાના અને એક સરખી વિગતો એકઠી થઇ શકે તે મુજબના રજીસ્ટરો તૈયાર કરીને વાપરવા જરૂરી છે. અને તેથી દરેક કામ ઉપર છાપેલા પાકા પુંઠાના કચેરીના સીલવાળા આ સાથેના નમુના મુજબના રજીસ્ટરો વાપરવા સુચના આપવામાં આવે છે.

સીમેન્ટના ઉપયોગ કોંક્રીટ ક્યુબ ટેસ્ટ ઈંટ લાદી કાંકરી વગેરેના વપરાશ તથા ચકાસણી અંગેના તૈયાર કરેલ પત્રકોના નમુના આ સાથે મોકલેલ છે. તે પ્રમાણે પત્રકનો ઉપયોગ કરી રજીસ્ટર તૈયાર કરી હવે પછીથી વાપરવાના છે. સાથે મોકલેલ સુચના પણ રજીસ્ટરમાં શરૂઆતના પાના ઉપર આપવાની છે.

પત્રક—૧

કોન્ટ્રાકટરના કામ ઉપર સીમેન્ટની કુલ જરૂરીયાત :

| અનુ. નંબર | આઇટમ નંબર | ટુંકમાં વિગત | જથ્થો | સીમેન્ટના વાપરવાના દર એકમ સાથે | સીમેન્ટનો કુલ જથ્થો | સીમેન્ટની જરૂરીયાત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૫ | ૭ |

પત્રક—૨

સીમેન્ટની જરૂરિયાત માટેનો કાર્યક્રમ :

| અનુ. નંબર | ત્રિમાસી ગાળો | સીમેન્ટના વપરાશની જરૂરિયાત | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

પત્રક—૩

કોન્ટ્રાકટરને સીમેન્ટ આપ્યાની વિગત :

| અનુ. નંબર | તારીખ | ઈન્ડેન્ટ નંબર અને ગેઇટ પાસ નંબર | કુલ ઈસ્યુ કરેલ જથ્થો | સુપરવાઇઝરની સહી | નોંધ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

પત્રક—૪

સીમેન્ટના રોજીન્દા વપરાશ માટેનું પત્રક :

| અનુ. નંબર | તારીખ | ખુલતી સિલક | નવી આવક | કુલ જથ્થો | વપરાશની વિગતો | | | સવાલ હેઠળ રોજના |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | આઇટમ નંબર | આઇટમ ની વિગત | વપરાયેલા સીમેન્ટ | વપરાયેલો કુલ સીમેન્ટ |
| ૧ | ૨ | | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

| બાકી રહેતી સિલક | ઠેકેદારની સહી | સુપરવાઇઝરની સહી | ચેકીંગ કરનારની સહી | નોંધ. |
|---|---|---|---|---|
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |

પત્રક ૫

માસને અંતે થયેલ કામની વિગત અને સિમેન્ટની જરૂરિયાત પ્રમાણે વાપરવાનો સીમેન્ટનો જથ્થો :

| આઈટમ નંબર | આઈટમની વિગત ટુંકમાં | પ્રથમ બીલ | | બીલ નં. ૨ | | બીલ નં. ૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કામનો થયેલ જથ્થો | વપરાશ થનાર માલનો અંદાજ | કામનો થયેલ જથ્થો | વપરાશ થનાર માલનો અંદાજ | કામનો થયેલ જથ્થો | વપરાશ થનાર માલનો અંદાજ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

| બીલ નં. ૪ | | સુપરવાઈઝરની સહી. |
|---|---|---|
| કામનો થયેલ જથ્થો | વપરાશ થનાર માલનો અંદાજ | |
| ૯ | ૧૦ | ૧૧ |

માસને અંતે કુલ સીમેન્ટનો વપરાશ
ખરેખર વપરાયેલ સીમેન્ટ
પત્રક મુજબ વધઘટ
વધઘટના કારણો